# બનાસકાંઠા જિલ્લામાં ૧૦મીથી પાંચ દિવસ બાળ ફિલ્મોત્સવ યોજાશે

પાલનપુર, તા. ૫

સમગ્ર રાજ્ય સહિત બનાસકાંઠા જિલ્લામાં તારીખ ૧૦ જુલાઈથી ૧૫ જુલાઈ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાની વિવિધ સરકારી પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ માં અભ્યાસ કરતાં અંદાજીત ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓને જિલ્લાની ૭ જેટલી મલ્ટીપ્લેક્ષ સિનેમાઓમાં ફિલ્મ બતાવવામાં આવશે. બાળ ફિલ્મોત્સવ અંતર્ગત લોકો માહિતગાર થાય તે માટે વિડીયો કોન્ફરન્સથી રાજ્યકક્ષાએથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લાના તમામ સરકારી પ્રાથમિક શાળાના બાળકો આ ફિલ્મ જોવાનો લાભ લે તે માટે આયોજન કરવા જણાવાયું હતું. બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે. રાજ્ય સરકારનો હેતુ બાળ ફિલ્મોત્સવ થકી બાળકોને જ્ઞાન અને શુભ સંદેશા સાથે આનંદ આપવાનો છે. જે માટે લોકો માહિતગાર થાય તે માટેનું આયોજન કરવા જણાવ્યું હતું.

નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંમણીયાએ બાળ ફિલ્મોત્સવની માહિતી આપતાં જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકો નિર્ધારીત ફિલ્મો નિહાળશે. બાળકોની નક્કી થયેલી ફિલ્મો થકી બાળકો એકબીજાને મળવાની સાથે ગમ્મત પડે, કંઈક શિખવાનું મળે અને જાણવાનું મળે તેવી હીટ થયેલી ફિલ્મો દર્શાવવાનું આયોજન કરાયું છે. બાળ ફિલ્મોત્સવ જિલ્લાના વિવિધ સિનેમાઓમાં યોજાનાર છે. જેમાં પાલનપુર ખાતે સૂરમંદિર મલ્ટીપ્લેક્ષ અને મૂવી વર્લ્ડ થિયેટર, ડીસા ખાતે રાજમંદિર, શ્રી રામ અને ડિમ્પલ સિનેમા તથા થરાદ ખાતે વિજય સિનેમામાં સવારે ૯ થી ૧૨ના રોજ દસ દિવસ સુધી ફિલ્મો બતાવવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લાના વિવિધ ૭ સિનેમાઓમાં ૨૪૧૦ બેઠકો છે. બેઠકમાં સર્વે સિનેમાગૃહના માલિકો અને સંચાલકોએ સર્વાનુમતે સંમતિ આપી હતી. શાળાને નજીક પડતા સિનેમાગૃહોમાં સવારના શોમાં બાળ ફિલ્મો બતાવવા માટે આયોજન કરાયું છે. બાળ ફિલ્મોત્સવ દરમ્યાન બાળકોને ઈકબાલ, ચિલ્લર પાર્ટી, સ્ટેનલી કા ડબ્બા, આઈ એમ કલામ, ફેરારી કી સવારી, જલપરી-ડેસર્ટ મેરમેઈડ, હવા હવાઈ, ધનક અને મિશન મમ્મી (ગુજરાતી) ફિલ્મ બતાવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

# પાલનપુર તાલુકાના ગોળા ગામમાં સગીરા સાથે દુષ્કર્મથી ચકચાર

**બાળકીને હવસનો ભોગ બનાવનાર કામાંધ આધેડને પોલીસે દબોચી લીધો**

પાલનપુર, તા. ૫

પાલનપુર તાલુકાના ગોળા ગામમાં સભ્ય સમાજને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. જેમાં કામાંધ આધેડએ એક ૧૨ વર્ષીય બાળકીને પોતાની હવસનો શિકાર બનાવતા ચકચાર મચી જવા પામી છે. જોકે, પોલીસે આ હવસખોરને ગણતરીના કલાકોમાં ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાલનપુર તાલુકાના ગોળા ગામમાં સાદિકભાઈ ઉર્ફે સદિકભાઈ હીદુ ભાઈ ઉર્ફે ઈદુભાઈ લુહાર (મુસ્લિમ)નામના ૫૮ વર્ષીય કામાંધએ ૧૨ વર્ષની બાળકીને લાલચ આપી એકાંતમાં લઈ જઈ તેના પર પાશવી બળાત્કાર ગુજાર્યો હતો. જે અંગે પાલનપુર તાલુકા પોલીસે ફ.ગુ.રજી.નં.૬૨/૧૭ અન્વયે આઈ.પી.સી.૩૬૩, ૩૭૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

દરમિયાન, બનાવની ગંભીરતાને લઈને જિલ્લા પોલીસ વડા નીરજ કુમાર બડગુજરની સૂચનાથી પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી

સાદીકભાઈ લુહારને ઢેલાણા ગામથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડબ્રહ્મા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૫

અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત ડી.ડી. ઠાકર આર્ટસ એન્ડ કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં એન.એસ.એસ. વિભાગ દ્વારા તા. ૪-૭-૧૭ના રોજ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં એન.એસ.એસ. વિભાગના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કોલેજ કેમ્પસમાં જુદા જુદા પ્રકારના ૧૦૦ રોપા વાવીને આ રોપા ઉછેરવાના સંકલ્પ વિદ્યાર્થીઓ દ્વારા લેવામાં આવ્યા હતા. પર્યાવરણ બચાવો એ આજની તાતી જરૂરીયાત હોઈ ઉપસ્થિત વિદ્યાર્થીઓને એ વિશેની સમજ કોલેજના પ્રિ. એન.ડી. પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. એચ.એસ. સુથાર અને પ્રા. ડૉ. જે.એસ. રાઠવાએ સફળતાપૂર્વક કર્યું હતું.

# રાજયની કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે માટે રાજય કલા મહાકુંભ-૨૦૧૭ યોજાશે

પાલનપુર, તા. ૫

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી બનાસકાંઠા-પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા રાજયના સાંસ્કૃતિક વારસાનું જતન થાય તથા રાજયની કલા સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી રાજય કલા મહાકુંભ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું છે. આ કલા મહાકુંભની સ્પર્ધાઓ સૌ પ્રથમ તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા અને રાજયકક્ષાએ થશે. સ્પર્ધામાં (૧) ૧૦ વર્ષથી નાના કલાકારો, (૨) ૧૧ થી ૨૦ વર્ષ સુધીના કલાકારો (૩) ૨૧ વર્ષથી ઉપર (ઓપન ગ્રૂપ) ના કલાકારો ભાઈઓ/બહેનો ભાગ લઈ શકશે. જે કલાકાર કલા મહાકુંભમાં ભાગ લેવા ઈચ્છતા હોય તે સ્પર્ધકોએ જિલ્લા રમત રમત અધિકારીની કચેરી, જિલ્લા પંચાયત ભવનની સામે, શિવશક્તિ બિલ્ડીંગ, પાલનપુર બનાસકાંઠા ખાતેથી તા.૧૭/૭/૨૦૧૭ સુધીમાં ફોર્મ મેળવી જરૂરી વિગતો ભરી કચેરી સમય દરમ્યાન જમા કરાવવાના રહેશે.

# અમદાવાદમાં દૂધબંધી અને દૂધ ઢોળવાના વિરોધ કાર્યક્રમોથી ઉત્તેજના

**દેવા માફી અને પશુપાલકોને યોગ્ય ભાવની માંગ : એસજી હાઇવે ઉપર અલ્પેશ ઠાકોરના નેજા હેઠળ હજારો લિટર દૂધ જાહેર રસ્તા ઉપર ઢોળાયુ : અનેકની અટકાયત**

અમદાવાદ, ૫

રાજયમાં ખેડૂતોના દેવા માફી અને પશુપાલકોને યોગ્ય ભાવ ચૂકવવાની માંગણી સાથે ઓબીસી એકતા મંચ દ્વારા દૂધબંધીના એલાન સાથે આજે એસજી હાઇવે પર જાહેરમાં દૂધ ઢોળીને અનોખો વિરોધ કાર્યક્રમો આપવામાં આવ્યા હતા. ઓબીસી એકતા મંચના નેતા અલ્પેશ ઠાકોરના નેજા હેઠળ હજારો લિટર દૂધ જાહેર રસ્તા પર ઢોળી વિરોધ વ્યકત કરી ટ્રાફિક ચક્કાજામ કરાયા હતા. જેને પગલે અલ્પેશ ઠાકોર સહિતના આગેવાનોની પોલીસને અટકાયત કરવાની ફરજ પડી હતી. દેખાવોના આ કાર્યક્રમ અધિકૃત મંજૂરી લીધા વિના યોજાયો હોઇ પોલીસે ઠાકોરસમાજના અગ્રણીઓની અટકાયત કરી હોવાનો બચાવ રજૂ કર્યો હતો, તો બીજીબાજુ, ઠાકોરસમાજના અગ્રણીઓએ આજે આક્રમક મૂડમાં આવીને એસજી હાઇવે ઉપરાંત મહેસાણા, સાબરકાંઠા સહિતના રાજયના અન્ય સ્થળોએ પણ આ જ પ્રકારના વિરોધ કાર્યક્રમો યોજયા હતા. ઓબીસી એકતા મંચના કાર્યકરોએ સોલા પોલીસ સ્ટેશન પહોંચી જબરદસ્ત હોબાળો મચાવ્યો હતો અને અલ્પેશ ઠાકોરને મુકત કરવાની માંગણી કરી હતી. એક તબક્કે પોલીસ અને ઓબીસી એકતા મંચના કાર્યકરો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. દરમ્યાન અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે, દેશના મોટાભાગના રાજયોમાં ખેડૂતોના દેવા માફ કરાયા છે, ત્યારે ગુજરાતમાં હજુ સુધી શા માટે ખેડૂતોના દેવા માફ કરાયા નથી. જયાં સુધી ખેડૂતોના દેવા માફ નહી થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. ઓબીસી એકતા મંચના દૂધબંધીના એલાનમાં માલધારી સમાજનો બહુ ટેકો પ્રાપ્ત થયો છે.

# પાલનપુર ખાતે ખેડૂત દેવા માફીની માંગ સાથે ઠાકોર સેનાનો દૂધ ઢોળી વિરોધ

પાલનપુર, તા.૫

ખેડૂતોની દેવા માફીની માંગ સાથે આજે રાજ્યભરમાં ઠાકોર સેના સહિત ઓ.બી.સી.એકતા મંચે વિરોધ પ્રદર્શન યોજ્યા હતા. જેમાં પાલનપુર ખાતે પણ ઠાકોર સેનાએ દૂધ ઢોળી વિરોધ જતાવ્યો હતો. દરમિયાન, પોલીસે ઠાકોર સેનાના ૨૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

પાલનપુર ખાતે ઠાકોર સેના દ્વારા ગતરોજ ખેડૂતોના દેવા માફીની માંગ સાથે દૂધના વાહનો રોકવાનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. એરોમા સર્કલ ખાતે સવારે ૧૦ વાગે અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજવાના એલાનને પગલે પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દીધો હતો.

જોકે, ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર કાર્યક્રમમાં ન આવતા કાર્યક્રમનો ફિયાસ્કો થયો હતો. બાદમાં ઠાકોર સેનાના કાર્યકરોએ હાઈવે પર દૂધ ઢોળી વિરોધ જતાવ્યો હતો. જોકે, પોલીસે સરકાર વિરોધી સુત્રોચાર કરી વિરોધ પ્રદર્શન કરી રહેલા ૨૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી.

# દારુ-બિયરની હેરાફેરી કરતી એસેન્ટ કાર ચંદ્રાલા પાસે ટકરાઈ

**વેગન આર કારને ટક્કર મારીને દારુ ભરેલી કાર રોડ સાઇડ ખાડામાં ઘુસી ગઇ : બુટલેગર કાર મુકીને ફરાર**

ગાંધીનગર, તા.૭

હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી વિદેશી દારુ-બિયરની હેરાફેરી કરતી એસેન્ટ કાર ચંદ્રાલા પાસે એક વેગન આર કાર સાથે ટકરાઈ ગઈ હતી. ચિલોડા પોલીસને બગાસુ ખાતા પતાસુ મળ્યુ હતુ. પોલીસ સ્થળ પર પહોંચી અને જોયુ તો રોડ સાઈડ ખાડામાં પડેલી આ અકસ્માતગ્રસ્ત કારમાં દારુ બિયરનો જથ્થો ભરેલો હતો. દારુ-બિયરની કુલ ૨૧૬ નંગ બોટલ-ટીન જપ્ત કરી લઈ કાર સહિત રુ.૧.૩૩ લાખનો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કર્યો છે. તો બીજી તરફ દારુ ભરેલી અકસ્માતગ્રસ્ત કાર મુકીને ફરાર થઈ ગયેલા બુટલેગર સુધી પહોંચવા પોલીસે દોડધામ શરુ કરી છે.

ગાંધીનગર નજીક હિંમતનગર-ચિલોડા હાઈવે પરથી ગઈ મોડી સાંજે સડસડાટ જતી એક એસેન્ટ કાર ચંદ્રાલા પાસે વેગનઆર કાર સાથે ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં એસેન્ટ કાર રોડની સાઈડમાં ઉતરી જઈને ખાડામાં ઘુસી ગઈ હતી. કાર મુકીને તેનો ડ્રાઈવર અંધારામાં ફરાર થઈ ગયો હતો. રાહદારીઓનુ ટોળુ ભેગુ થયુ અને જોયુ તો કારમાં વિદેશી દારુ બિયરનો જથ્થો ભરેલો હતો. ઘણી બોટલો ફુટી ગયેલી પડી હતી. ચિલોડા પોલીસને ઘટનાની જાણ થતા સ્થળ પર દોડી આવી હતી અને તપાસ કરી તો દારુ-બિયરનો જથ્થો અકસ્માતગ્રસ્ત કારમાં પડેલો દેખાયો હતો. દારુની હેરાફેરી કરતી આ કારને અકસ્માત થતા પકડાઈ જવા પામી હતી. પોલીસે કારમાંથી રોયલ સ્ટેગ વ્હિસ્કી ૨૪ નંગ, મેકડોવેલ ૯૮ નંગ, મેજીક મોમેન્ટ વોડકા ૨૪ નંગ અને હેવર્ડ્સ-૫૦૦૦ બિયરનાં ૭૨ નંગ ટીન મળી કુલ રુ.૩૩,૬૦૦ ની કિંમતનો દારુ-બિયર તથા એક લાખની કાર જપ્ત કરી ફરાર થઈ ગયેલા બુટલેગર સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

# ચીનની અગ્રણી કાર કંપની હાલોલ ખાતે રોકાણ કરશે

અમદાવાદ, તા. ૫

ગુજરાતના હાલોલમાં ચીનની પેસેન્જરકાર કોમર્શિયલ વાહનોનું ઉત્પાદન કરતી અગ્રગણ્ય કંપની શાંઘાઈ ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન એસએઆઈસી રૂપિયા ૨૦૦૦ કરોડથી વધુનું મૂડીરોકાણ કરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં આ અંગેના એમઓયુ સમજૂતિ કરાર એસએઆઈસી મોટર્સ ઈન્ડિયાના ડાયરેક્ટર તથા ઉદ્યોગ અગ્રસચિવ એમકે દાસે કર્યા હતા. મુખ્યમંત્રીના પ્રગતિશીલ નેતૃત્વમાં ગુજરાતે વાયબ્રન્ટ સમિટની સફળતાને પગલે ઔદ્યોગિક મૂડીરોકાણો-ઉત્પાદન એકમો શરૂ કરવામાં જે આગેકૂચ કરી છેતેને આ એમઓયુથી નવુંબળ મળશે. શાંઘાઈ ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશને ભારતમાં અન્ય રાજ્યોમાં મૂડીરોકાણ માટે વિચારણા બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકારની હકારાત્મક ઔદ્યોગિક નીતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ ધ્યાનમાં લઈને પોતાના નવા મૂડીરોકાણ માટે ગુજરાતની પસંદગી કરી છે. આગામી પાંચ વર્ષમાં ચીનની આ ખ્યાતનામ મોટરકાર ઉત્પાદન કંપની રાજ્યમાં ૨ હજાર કરોડનું મૂડીરોકાણ કરવાની છે. ૨૦૧૯ સુધીમાં શાંઘાઈ ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ગુજરાતમાં વાહનોનું ઉત્પાદન શરૂ કરવાની નેમ ધરાવે છે.

## ઈતિહાસ બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુનિયામાં શાંતિ અને સ્થિરતા માટે ભારત અને ઈઝરાયેલની મિત્રતા કામ લાગશે. બંને દેશોને આતંકવાદથી ખતરો રહેલો છે. હાઈફામાં ભારતીય સૈનિકોએ પણ શહીદી વ્હોરી હતી. ભારતમાં ઈઝરાયેલી પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ અગાઉ નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલના પ્રમુખ રુવન રિવલિનને મળીને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને જુદા જુદા ક્ષેત્રોમાં સહકાર કરવાની વાત કરી હતી. ઈઝરાયેલના અતિઆધુનિક ટેકનોલોજીના મેક ઈન ઈન્ડિયા યોજનામાં યોગદાન આપવા પર ચર્ચા થઈ હતી. ઈઝરાયેલને ભારતના એક સાચા મિત્ર તરીકે ગણાવીને મોદીએ રિવલિંગની ગયા વર્ષની નવેમ્બરમાં થયેલી ભારત યાત્રાને ઐતિહાસિક ગણાવી હતી. બંને દેશો વચ્ચેના સંબંધોની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે, વર્તમાનમાં ભારત ઈઝરાયેલની સાથે છે અને બંને દેશો મક્કમતા સાથે આગળ વધી રહ્યા છે.ત્રણ દિવસની યાત્રાએ મંગળવારના દિવસે તેલ અવીવ પહોંચેલા મોદીએ તેમના આવાસ પર રિવલિન સાથે મુલાકાત કરી હતી. ઈઝરાયેલના પ્રમુખે ભવ્ય સ્વાગત કર્યું હોવાની વાત મોદીએ ટ્વિટર પર કરી હતી. ભારતના લોકો પ્રત્યે સન્માનની બાબત આ દર્શાવે છે. પ્રમુખના આવાસ પર મહેમાનના પુસ્તકમાં મોદીએ લખ્યું હતું કે, પ્રમુખ રિવલિનને મળીને ખુબ ગર્વ અનુભવ કરી રહ્યા છે. તેમની નવેમ્બરની ભારત યાત્રાને તેઓ યાદ કરી રહ્યા છે. ઈઝરાયેલી યાત્રા પર ગયેલા મોદીએ જુદી જુદી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. દરમિયાન આજે બંને દેશો વચ્ચે જુદા જુદા ક્ષેત્રોમાં સાત સમજૂતિઓ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોના ૨૫ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે મોદી ઈઝરાયેલની યાત્રા કરનાર પ્રથમ વડાપ્રધાન બન્યા છે. બંને દેશોના વડાઓએ વૈશ્વિક મુદ્દા પર ચર્ચા કરી હતી. જુદી જુદી સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા ત્યારે બંને દેશોના વડાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરક્ષિત હોટલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓપરેશન શેલ્ડન રિટ્જે કહ્યુ છે કે તેમના રૂમ પર કોઈ અસર થશે નહી. રિટ્જ કહ્યુ છે કે જો બોમ્બથી હોટેલને ફુંકી મારવામાં આવે તોપણ રૂમને કોઈ અસર થશે નહી. મોદી અને તેમના પ્રતિનિધીમંડળના સભ્યોને રોકાવવા માટે હોટેલના ૧૧૦ રૂમ ખાલી કરાવી દેવામાં આવ્યા છે. રિટ્જે કહ્યુ હતુ કે આ શતાબ્દીમાં અમે દરેક અમેરિકી પ્રમુખનુ સ્વાગત કરી ચુક્યા છીએ. મોદી શાકાહારી હોવાના કારણે તમામ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે.

મોદી હેફામાં સેમટેરિમાં ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ આપશે. મોદીના કાફલા હોટલમાં તમામ પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવી છે. કિંગ ડેવિડ હોટલમાં તમામ પ્રકારની અતિ આધુનિક પ્રકારની સુવિધા રહેલી છે. વિતેલા વર્ષોમાં પણ અહીં અમેરિકાના પ્રમુખ સહિતના લોકો રોકાતા રહ્યા છે. આ હોટલમાં સ્ટાફના લોકો પણ વિશેષરીતે ટ્રેનિંગ પામેલા છે. મોદીની સાથે મહાકાય પ્રતિનિધિમંડળ હોવાના લીધે કોઈને પણ અવ્યવસ્થા ન થાય તે માટે તમામ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## વિઝાનો મુદ્દો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક પછી એક મુદ્દા ઉઠાવ્યા છે. મંત્રાલયનું કહેવું છે કે, ૨૦૧૦-૧ ઉના ગાળા દરમિયાન યર્લી રિપોર્ટ ઓન ટેરર ઈન્ક્લુડીંગ ૨૦૧૦-૧ ઉમાં આ મુજબની બાબતનો ઉલ્લેખ કર્યો છે. ભારતે હમેશા કહ્યું છે કે, જમ્મુ કાશ્મીર ભારતના અખંડ ભાગ તરીકે છે. ભારતનું આ વલણ જાણિતુ રહ્યું છે. અત્રે નોંધનીય છે કે, ૧૮ દિવસના વિદેશી વેકેશન બાદ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી શનિવારના દિવસે પરત ફર્યા હતા. રાહુલ ગાંધી હવે ખેડૂતોની તકલીફોને લઈને આક્રમક આંદોલન શરૂ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યોમાં ખેડૂતોના વિષયને ઉઠાવવા માટે રાહુલ ગાંધી સંપૂર્ણ પણે તૈયાર છે.

## નંબર પ્લેટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબર પ્લેટ લગાવી દેવામાં આવી છે. જયારે હવે ડિલર કક્ષાએથી પણ વાહનોમાં નંબર પ્લેટ લગાવી આપવામાં આવે છે. જેના લીધે વાહનમાલિકોનુ કામ સરળ બન્યુ છે. ગાંધીનગરમાં પણ બે ડિલરોને મશીનની વ્યવસ્થા કરી આપવામાં આવી છે. રાજયમાં ૧૦૬૭ નાના મોટા વાહનોના ડિલરો છે. ગાંધીનગરમાં રોજ અંદાજિત ૬ હજાર નંબરપ્લેટ તૈયાર કરવામાં આવે છે. નંબર પ્લેટ માટે ચાઈના ,જાપાન નોર્વે યુ એસ એ ,કોરીયા તેમજ જર્મનીથી જરૂરી માલની ખરીદી કરવામાં આવે છે. જેમાં આરિજનલ ગ્રેડના એલ્યુમિનિયમ તેમજ લેઝર સર્કીટ આઈ ડી યુનિટ આઈ ડી નંબર સહીત પ્લેટ તૈયાર કરવામાં ઉપયોગ થાય છે. નંબર પ્લેટ તૈયાર કરવાના મશીનમાં જરૂરી સેન્સર પણ લગાવામાં આવ્યા છે. જયારે ઓછા મેન પાવર વચ્ચે કોમ્પ્યુટરાઈઝ કામગીરી પણ થાય છે. અગાઉ નંબર પ્લેટમાં ક્ષતિ રહી ગઈ હોય તેવા ૧૫ હજાર કિસ્સામાં રીપ્લેસમેન્ટ પણ કરવામાં આવ્યુ હતુ. હાઈસિકયુરીટી નંબર પ્લેટ અન્વયે તબક્કવાર જુના વાહનોને પણ આવરી લેવા પ્રયાસો હાથ ધરાયા છે. એફ ટી એના હેડ સુબોધ માંવલેકર સ્ટેટ હેડ પ્રવિણ ઉપાધ્યાય પી આર ઓ રીટા પટેલ તેમજ હયુમન રીસોર્સના હેડ પ્રવિણા વ્યાસે પણ નંબર પ્લેટના પ્રોડકશન યુનિટ અંગે રસપ્રદ માહીતી પુરી પાડી હતી.

## વરસાદ નોંધાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટકા, બનાસકાંઠામાં ૩૨.૫૫ ટકા, મહેસાણામાં ૨૬.૫૦ ટકા, સાબરકાંઠામાં ૨૪.૫૭ ટકા, અરવલ્લીમાં ૧૭.૯૮ ટકા અને ગાંધીનગરમાં ૨૬.૬૬ ટકા વરસાદ નોંધાયો છે.

આ વિસ્તારોમાં ૨૦૧૬માં સરેરાશ આ તારીખ સુધીમાં ૪.૪૭ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યારે ૨૦૧૭માં આ વિસ્તારોમાં સરેરાશ ૨૯.૨૯ ટકા વરસાદ નોંધાયો છે. જે ૨૪.૧૯ ટકા વધુ વરસાદ થયાનુ દર્શાવે છે.

દરેક જિલ્લામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો છે અને બે દિવસથી વરસાદે લીધેલા વિરામને લઈ ખેડૂતો આનંદવિભોર બની ગયા છે. ખરીફ પાકની વાવણીમાં ખેડૂતો વ્યસ્ત બન્યા છે.

સારા અને સમયસરના ચોમાસાના આગમનથી ખેડૂતો આ વખતે પાકનો ઉગાવો સારો નોંધાશે તેમ માની રહ્યા છે. જમીનમાં સારા વરસાદને પગલે ભેજનુ તત્વ પણ સારૂ એવુ વૃદ્ધિ પામ્યુ હોવાથી પાકના ઉગાવામાં તેની સાનુકૂળતા જોવા મળશે તેમ ખેડૂતોનુ માનવુ છે.

## પાણીનો ક્કળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જો કે ટેકનિકલ ખામીના લીધે પાણીની સમસ્યા સર્જાઈ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. સરીતા ટાંકીના વાલ્વનો બોલ્ટ તુટી જતા પાણી નિયત સમેય ફોર્સથી આપી શકાયુ ન હોવાનુ તંત્રએ જણાંવ્યુ છે. જો કે રીપેરીંગ કામ પુર્ણ થતા હવે પાણીની કોઈ સમસ્યા ન હોવાથી ગુરુવારે નિયત સમયે ફોર્સથી પાણી અપાશે તેમ પણ જણાંવાયુ છે. નવા સેકટરોમાં વર્ષો અગાઉ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવામાં આવી હતી. પરંતુ નવા સેકટરોમાં પાણીની પોકાર હવે છાશવારે ઉઠતા નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે.

## રૂપિયા ન મળતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતનાં ટેકનીકલ મેનેજરને બોલાવી ડેમો કરાવ્યો હતો. નિરિક્ષણ દરમ્યાન ટેકનીકલ મેનેજરે સિસ્ટમ જણાવી હતી તે મુજબ જો આ ચોરે એ.ટી.એમની બોટમ ચેસ્ટનું લોક તોડી નાંખ્યુ હોત તો અંદર બીજુ ન્યુમેરીક લોક તેણે ક્રેક કરવુ પડતુ...! આ ન્યુમેરીક લોકનો પાસવર્ડ દર અડધા કલાકે હેડ ઓફીસથી બદલાતો રહે છે. એટ્લે ચોરે જે મહેનત કરી તેમા સફળ ગયો હોત તો પણ ચોરીમાં નિષ્ફળ જાત..! પોલીસનાં હાથે પકડાઈ ગયેલો આ શખ્સ આજે જામીન પર છુટી ગયો હતો. તો બીજી તરફ સાયન્ટીફીક ઓફીસર જી.પી.દરબારે એટીએમનાં સીસીટીવી કેમેરાનાં ફુટેજ, બાળી દેવાયેલુ એટીએમનું બોટમ ચેસ્ટ તથા પકડાયેલુ ગેસ કટર અને ગેસ લાઈટર એફ.એસ.એલ ખાતે તપાસ અર્થે મોકલવા સુચના આપી છે.

## બેઠક બોલાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચરો લેવા માટે બંધ બોડીની પુરતી ગાડીઓ ઉપલબ્ધ નથી જે ખુલ્લા વાહનોમાં લઈ જવાથી ગંદકીનુ સામ્રાજ્ય વિસ્તરી રહ્યુ છે.

શહેરમાં રોગચાળાનો ભય ઉભો થયો છે. પાણીજન્ય કમળાના કેસો અને વાહકજન્ય મેલેરિયાના કેસોની સંખ્યા વધતી જાય છે આ બધી પરિસ્થિતિ ચિંતાજનક છે.

તેમણે શહેરની પરિસ્થિતિ કથળે તે પૂર્વે પક્ષીય રાજકારણને કોરાણે મુકી અને સર્વદલીય બેઠકનું આયોજન કરવાની માંગ કરી છે. એટલુ જ નહિ સ્વચ્છતા અંગે લોક જાગૃતિ સાથે જન સહયોગ મેળવવાની દિશામાં આગળ ધપવુ જોઈએ એ સમયની માંગ છે.

તેમણે આ પત્રમાં ચૌંકાવનારો આક્ષેપ કર્યો છે કે તંત્રમાં ફરિયાદ નિવારણ એકમ બંધ પડ્યુ છે અને એટલે જ તંત્રના માધ્યમથી પણ આપના સુધી લોકોની લાગણી પહોંચતી નહિ હોય એ સ્વાભાવિક છે. તંત્રને કામ કરવુ નથી અને શાસકોને ભ્રષ્ટાચારમાંથી બહાર જોવાનો સમય નથી એટલે આ પત્ર લખીને તમારૂ ધ્યાન લોકોની લાગણીને વાચા આપવા કરી રહ્યો છુ.

## મનના ઉમંગો

● ૪ પાનાનું ચાલુ...

હોય, શરીર અને મન બીજા કોઈ શરીર અને મનના લયને ઝંખે અને એને માટે ઝૂર્યા કરે. આને તમે તાલાવેલી કહો, લગની કહો શરીરનો અગ્નિ કહો. જે કહેવું હોય તે કહો પણ જીવ કોઈકના સાથને ઝંખે છે.

આવો જીવ જો શહેરમાં રહેતો હોય તો પણ શહેર એનું રોમેંટિકપણું ખુંચવી નથી શકતું. કવિ કહે છે :

'દરેક રાત બેચેન રાત છે અને હું તને શોધ્યા કરું છું. ચાંદનીથી શહેરના પૂલો ધોવાઈ ગયા છે. નદીઓમાં જાણે કે કરચલીઓ પડી ગઈ છે. ઈંટ અને પથ્થરના આ શહેરના અરણ્યમાં હું ઘૂમુ છું. શહેરમાં કોઈ પર્ણસભર વૃક્ષ નથી. ક્યાંક મને તારો પગરવ સંભળાય છે. મધ્યરાત્રિએ મારી વેદના જાણે કે ખડક થઈ ગઈ હોય એવું લાગે . શહેરમાં શાયરન વાગતી હોય છે. એ જાણે કે મૃત્યુનો અને વિષાદનો સંકેત આપે છે. માંડ બગાસા ખાતી સવાર ઊગે છે. શહેર છે છતાંયે આંખ સામે દેખાય છે પવનને કારણે ચીંથરેહાલ થયેલાં વૃક્ષો. પાનખરના ધુમ્મસમાં હું તને શોધ્યા કરું છું.અને ઝંખુ છું એક ગુલાબ.'' આ ગુલાબ એક પ્રિય વ્યક્તિનું પ્રતિક છે.

પ્રેમીઓનો સનાતન પ્રશ્ન એ છે કે પોતે જેને પ્રેમ કરે છે એ વ્યક્તિ તેને પ્રેમ કરે છે કે નહીં ? આ મૂઝવતો પ્રશ્ન છે. પૂછો અને જવાબમાં ના મળે તો જિંદગીભર રઝળવાનું. પણ હા મળે તો હાશકારો થાય. આ ના અને હાની વચ્ચે ક્યાંક પ્રેમની સફળતા લપાઈ છે. તેં મને સવાલ પૂછ્યો,હું તને પ્રેમ કરું છું કે નહીં ? પૂછતા તો પૂછાઈ ગયો આ સવાલ . પછી તારી આંખ મને સાંભળતી રહી. તારી આંગળીઓ મને જોતી રહી અને મારા ધબ